# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૨૧૮/૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૧૫- ૦૩ – ૨૦૧૭

પ્રતિ,
શ્રી મેર ભીનીબેન લક્ષ્મણભાઇ કારાવદરા
મુ.પો. સુંદરપુરા
જી.વડોદરા

વિષય:-મોજે સુંદરપુરા, તા.વડોદરા, જી.વડોદરાના બ્લોકનં.૩૨૩,૩૨૩/૧પાર્ટ ૧૧૪, ૩૦૭/૧, વાળી જમીનમાં રહેણાંકના ૭૨ મકાનો તથા કોમન પ્લોટમાં કલબ હાઉસના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૦૬-૦૯-૨૦૧૬ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે શરતી વિકાસ પરવાનગી તથા મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-
કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## *વિકાસ પરવાનગી*

શ્રી મેર ભીનીબેન લક્ષ્મણભાઇ કારાવદરા ગામ. સુંદરપુરા જી.વડોદરાના બ્લોકનં.૩૨૩,૩૨૩/૧પાર્ટ ૧૧૪, ૩૦૭/૧ વાળી જમીનમાં ક્ષેત્રફળ ૧૫૦૨૫.૦૦ ચો.મી.માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર ૩૧૨૩.૩૨ ફર્સ્ટ ફ્લોર ૨૧૧૨.૮૯ ચો.મી. મળી કુલ બાંધકામ ક્ષેત્રફળ ૫૨૩૬.૨૧ ચો.મી.માં રહેણાંકના ૭૨ મકાનો તથા કોમન પ્લોટમાં કલબ હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭)ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨)હેઠળ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

**ખાસ શરતો** :-

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) તથા સ્ટ્રકચરલ ડીટેઇલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૦૪ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

(૩) જી.ડી.સી.આર - ૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ–૨૨૬ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૫) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૬) ગુજરાત રીયલ એસ્ટેટ રૂલ્સ-૨૦૧૬ની જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/૨૯૯/૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. ૧૪/૦૩/૨૦૧૭

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.